# શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
## (ગુજરાત એક્ટ નં.૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)
## Shri Govind Guru University
## (Established vide Gujarat Act No. 24/2015)

સરકારી પોલિટેકનીક કેમ્પસ
ગદુકપુર, ગોધરા,
જિલ્લો પંચમહાલ. પિન કોડ-૩૮૯૦૦૧

Government Polytechnic Campus
Gadukpur, Godhra
Dist. Panchmahals Pin Code 389001

નં. એસજીજીયુ/વહીવટ/૨૦૧૭/7650

તા.૨૫/૦૯/૨૦૧૭

પરિપત્ર-૩૪૪

વિષય- બ્લુ વ્હેલ ગેમ/બ્લુ વ્હેલ ચેલેન્જ વિગેરે ઉપરના પ્રતિબંધ અંગે લોકજાગૃતિ બાબત.
સંદર્ભ- કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરીના પત્ર ક્રમાંક.નં.એમએજી/વશી/૩૪૯૬-૩૫૦૩/૨૦૧૭.

ઉપરોક્ત સંદર્ભ દર્શિત પત્રથી શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજો/માન્ય પી.જી. કેન્દ્રોના ના આચાર્યશ્રીઓ/પ્રોફેસર ઇન્ચાર્જશ્રીઓને જણાવવાનું કે સરકારશ્રીના ગૃહ વિભાગના તા.૦૫/૦૯/૨૦૧૭ના જાહેરનામાં થી બ્લુ વ્હેલ ગેમ ઉપર પ્રતિબંધ મૂકતું જાહેરનામું બહાર પાડવામા આવેલ છે.

કેન્દ્રીય મહિલા અને બાળ વિકાસ મંત્રીશ્રી દ્વારા તેઓના તા.૩૧/૦૮/૨૦૧૭ના પત્રથી તમામ કોલેજોના આચાર્યશ્રીઓને યુવાનો અને બાળકો બ્લુ વ્હેલ ગેમનો ભોગ ન બને તે માટે તમામ તકેદારી રાખવા તેમજ આવી બાબત ધ્યાને આવે તો હેલ્પલાઈન નંબર:૧૦૯૮થી જાણ કરવા સુચન આપવામાં આવેલ છે. વધુમાં બ્લુ વ્હેલ ગેમથી યુવાઓ ઉપર થતી અસર અંગે લોક જાગૃતિ કેળવવા આવશ્યક પગલા લેવા તેમજ યુવાનો અને બાળકો તેનાથી દૂર રહે તે માટે કોલેજોમાં વાલીઓ સાથે બેઠક યોજી આ દૃષણનો ભોગ ન બને તે માટે ખાસ કાળજી રાખવા પ્રયત્નો કરવા જણાવવામાં આવેલ છે.

આ સંદર્ભે અધિક જિલ્લા મેજિસ્ટ્રે, પંચમહાલ ગોધરાના તા.૧૧/૦૯/૨૦૧૭ન પત્રથી બ્લુ વ્હેલ ગેમ બાબતે તકેદારી અને જનજાગૃતિ માટે તાત્કાલિક આવશ્યક પગલા લઇ કરેલ કાર્યવાહીનો અહેવાલ મોકલવા જણાવેલ છે. જે ધ્યાને લઇ આ યુનિવર્સિટીની જાણ હેઠળ કરેલ કાર્યવાહીનો અહેવાલ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી, ગોધરા, પંચમહાલને મોકલી આપવા વિનંતી.

કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
ગોધરા

કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
ગોધરા

બિડાણ: અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ, ગોધરાનો પત્ર તથા કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી, ગોધરા, પંચમહાલનું જાહેરનામુ.

પ્રતિ,
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજો/માન્ય પી.જી. કેન્દ્રોના આચાર્યશ્રી/ઇન્ચાર્જશ્રીઓ તરફ
જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ

MAG-LETTER-2015



# કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી

સેવા સદન-૧, સિવિલ લાઇન્સ રોડ,
ગોધરા, જિ. પંચમહાલ (૩૮૯૦૦૧)
ફોન: ૦૨૬૭૨- ૨૪૨૯૪૦, ૨૪૨૮૦૦ | ફેક્સ: ૦૨૬૭૨-૨૪૨૮૯૯
ઈ-મેઈલ: collector-pan@gujarat.gov.in

---

જરૂરી
નં.એમએજી/વશી/ઉપર૭૫૧૨૫૦૩ /૨૦૧૭ તા.૧૯/૦૯/૨૦૧૭

પ્રતિ,
(૧) કુલસચિવશ્રી, ગુરૂગોવિંદ યુનિ.ગોધરા
(૨) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,પંચમહાલ ગોધરા
(૩) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,પંચમહાલ ગોધરા

વિષય :– બ્લુ વ્હેલ ગેમ/બ્લુ વ્હેલ ચેલેન્જ વિગેરે ઉપરના પ્રતિબંધ અંગે લોકજાગૃતિ બાબત

સંદર્ભ :– સરકારશ્રીના ગૃહ વિભાગના તા.૦૫/૦૯/૧૭ના ઈ–મેઈલ મેસેજ

જયભારત સહ ઉપરોક્ત વિષય અન્વયે આ સાથે સરકારશ્રીના ગૃહ વિભાગના તા.૦૫/૦૯/૧૭ના ઈ–મેઈલ મેસેજ બિડાણ સહ તથા તે સંદર્ભે આ ગેમ ઉપર પ્રતિબંધ મૂકતુ અત્રેથી બહાર પાડવામાં આવેલ જાહેરનામાની નકલ સામેલ રાખેલ છે.

કેન્દ્રીય મહિલા અને બાળ વિકાસ મંત્રીશ્રી ધ્વારા તેઓના તા.૩૧/૦૮/૨૦૧૭ના પત્રથી તમામ સ્કુલોના પ્રિન્સીપલશ્રીઓને યુવાનો અને બાળકો બ્લુ વ્હેલ ગેમનો ભોગ ન બને તે માટે તમામ તકેદારી રાખવા તેમજ આવી બાબત ધ્યાને આવે તો હેલ્પલાઈન નંબરઃ ૧૦૯૮થી જાણ કરવા સુચના આપવામાં આવેલ. આ કામે બ્લુ વ્હેલ ગેમથી યુવાઓ ઉપર થતી અસર અંગે લોક જાગૃતિ કેળવવા આવશ્યક પગલા લેવા તેમજ યુવાનો અને બાળકો તેનાથી દૂર રહે તે માટે સ્થાનિક સ્કુલોમાં વાલીઓ સાથે બેઠક યોજી આ દુષણનો ભોગ ન બને તે માટે ખાસ કાળજી રાખવા પ્રયત્નો કરવા જણાવેલ છે.

ઉકત વિગતે આપના કાર્યક્ષેત્રમાં આવેલ શાળાઓ/કોલેજોમાં તકેદારી અને જનજાગૃતિ માટે તાત્કાલીક આવશ્યક પગલા લઈ, આપના ધ્વારા હાથ ધરવામાં આવેલ કાર્યવાહીનો અહેવાલ અત્રે મોકલી આપશો.

બિડાણઃ–ઉપર મુજબ

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
પંચમહાલ ગોધરા

નકલ સવિનય રવાનાઃ–માન.કુલપતિશ્રી, ગુરૂગોવિંદ યુનિ.ગોધરા તરફ જાણ સારૂ
નકલ જયભારત સહ રવાનાઃ–પોલીસ અધિક્ષકશ્રી પંચમહાલ ગોધરા તરફ જરૂરી કાર્યવાહી સારૂ.
નકલ જયભારત સહ રવાનાઃ–સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી,પ્રાંત ગોધરા/હાલોલ/શહેરા
નકલ રવાનાઃ–પી.એ.ટુ માન.જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી,પંચમહાલ ગોધરા તરફ.

Shri Govind Guru University
GODHRA
Inward No. : 2419
Date : 22-9-2017
Branch :

J-GAME-144-2017

सत्यमेव जयते

# કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી

સેવા સદન-૧, સિવિલ લાઇન્સ રોડ,
ગોધરા, જિ. પંચમહાલ (૩૮૯૦૦૧)
ફોન: ૦૨૬૭૨- ૨૪૨૯૪૦, ૨૪૨૮૦૦ | ફેક્સ: ૦૨૬૭૨-૨૪૨૮૯૯
ઈ-મેઈલ: collector-pan@gujarat.gov.in

**ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને.૧૯૭૩(૧૯૭૪ના નંબર–૨)ની કલમ–૧૪૪ તથા ગુજરાત પોલીસ અધિનિયમની કલમ–૩૭(૩) હેઠળનું જાહેરનામુ**

નં.એમએજી/જાહેરનામુ/૩૪૫-૪૦ /૨૦૧૭

વિવિધ માધ્યમથી અમારા ધ્યાન ઉપર આવેલ છે કે,બ્લુ વ્હેલ ગેમ/બ્લુ વ્હેલ ચેલેન્જ વિગેરે નામોથી સોશ્યલ મિડીયા પ્લેટ ફોર્મ તથા ઈન્ટરનેટના વિવિધ કોમ્યુનિકેશન પ્લેટફોર્મનો ઉપયોગ કરી કયુરેટર/એડમિનિસ્ટ્રેટર બનીને યુવાનોને આત્મહત્યા માટે દુષ્પ્રેરિત કરવામાં આવી રહયા છે. ઉપરોકત ગેમ/ચેલેંજના ભાગ રૂપે કયુરેટર/એડમિનિસ્ટ્રેટર ઘ્વારા આપેલ ક્રમશઃ સૂચનાઓના અંતે આત્મહત્યા કરવા માટે પ્રેરિત કરવામાં આવે છે.

વાસ્તે હું એસ.કે.લાંગા *(આઈ.એ.એસ)* જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ ગોધરા, સને.૧૯૭૩ના ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૪૪ તથા ગુજરાત પોલીસ અધિનિયમની કલમ–૩૭(૩) હેઠળ મળેલ સત્તાની રૂએ પંચમહાલ જિલ્લા હદ વિસ્તારમાં જાહેર સલામતી અને સુરક્ષાને લક્ષમાં રાખી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે હેતુસર એવા કોઈપણ પ્લેટફોર્મ(બ્લુ વ્હેલ ગેમ/બ્લુ વ્હેલ ચેલેન્જ વિગેરે) મારફતે કયુરેટર/એડમિનિસ્ટ્રેટરના રોલ પ્લે કરવા,આત્મહત્યા માટે ઈન્ટરનેટના માધ્યમથી દુષ્પ્રેરિત કરવા અથવા એવી ગેમ/કમ્યુનિકેશનમાં ભાગ લેવા કે તેમા મદદરૂપ થવા પ્રતિબંધ કરવામાં આવે છે. સાથોસાથ જે પણ વ્યકિતને પંચમહાલ જિલ્લા હદ વિસ્તારમાં કોઈપણ અન્ય વ્યકિત એવી ગતિવિધિમાં ભાગ લે છે, તે ઘ્યાને આવે તો નજીકના પોલીસ સ્ટેશનમાં ઓછામાં ઓછા સમયમાં મૌખિક કે લેખિત જાણ કરવાની ફરજમાં આવે છે.

અપવાદઃ– ગુનાની તપાસની કામગીરી અને શૈક્ષણિક સંશોધનના કામે કરવામાં આવતી કાર્યવાહી પર આ જાહેરનામુ લાગુ પડતુ નથી.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનારા ભારતીય ફોજદારી અધિનિયમ સને.૧૮૬૦ની કલમ–૧૮૮ તથા ગુજરાત પોલીસ અધિનિયમની કલમ–૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

હું આથી આદેશ આપુ છું કે, આ હુકમની જાહેરાત પંચમહાલ જિલ્લા હદ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલ ચોંટાડી, લાઉડસ્પીકર વાહન ઘ્વારા તેમજ સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી,દુરદર્શન કેન્દ્ર અને સ્થાનિક કેબલ ઓપરેટર મારફતે કરાવવી.

આજ તારીખઃ ૧૧ –સપ્ટેમ્બર –૨૦૧૭ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કર્યો.

જિલ્લા મેજીસ્ટ્રેટ પંચમહાલ
ગોધરા

(એસ.કે.લાંગા)
જિલ્લા મેજીસ્ટ્રેટ
પંચમહાલ ગોધરા

...૨/–

પ્રતિ,

(૧) પોલીસ અધિક્ષકશ્રી પંચમહાલ ગોધરા તરફ અમલ કરવા સારૂ.
(૨) મેનેજરશ્રી,સરકારી છાપકામ ખાતુ,વડોદરા તરફ રાજય ગેઝેટમાં પ્રસિધ્ધ કરવા સારૂ
(૩) નાયબ માહિતી નિયામકશ્રી પંચમહાલ ગોધરા તરફ બહોળી પ્રસિધ્ધિ કરવા સારૂ.

નકલ જયભારત સહ રવાના:-

(૧) જિલ્લા વિકાસ અધિકારીશ્રી પંચમહાલ ગોધરા
(૨) સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી,..............(તમામ)
(૩) વિભાગીય પોલીસ અધિકારીશ્રી .............(તમામ)
(૪) કુલપતિશ્રી, ગુરૂગોવિંદ યુનિ.ગોધરા
(૫) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,પંચમહાલ ગોધરા
(૬) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,પંચમહાલ ગોધરા
(૭) રજીસ્ટ્રારશ્રી,ડીસ્ટ્રીકટ એન્ડ સેસન્સ કોર્ટ,ગોધરા તરફ.
(૮) એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી,............. (તમામ)
(૯) જિલ્લા સરકારી વકીલશ્રી,પંચમહાલ ગોધરા
(૧૦) ચીફ ઓફીસરશ્રી નગરપાલિકા .................(તમામ)

નકલ સવિનય રવાના:-અધિક મુખ્ય સચિવ ગૃહ વિભાગ ગુજરાત સરકાર ગાંધીનગર તરફ જાણ સારૂ.

2419